આંક :-

-:: નમૂનો - અ ::-

જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ,
મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૩૦/૦૩/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૨૬૬૩/૨૦૨૫.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪, ૧૨૫(એ) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૨૪૨૦૦૫૨/૨૦૨૫. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : અજયભાઇ ભરતભાઇ ખાચર) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા. |
| આરોપી પક્ષ | (૧) જેતુનબેન યુસુફભાઇ ખેદારા,<br>ઉ.વ.આ. ૪૫, ધંધો-ઘરકામ,<br><br>(૨) મોસીન યુસુફભાઇ ખેદારા,<br>ઉ.વ.આ. ૨૧, ધંધો-મજુરી,<br><br>(૩) સોહિલ આરીફભાઇ ખેદારા,<br>ઉ.વ.આ. ૨૬, ધંધો-મજુરી,<br><br>(૪) યુસુફભાઇ અજીદભાઇ ખેદારા,<br>ઉ.વ.આ. ૫૦, ધંધો-મજુરી, |

| | |
|---|---|
| | નં.૧-૨-૪ રહેવાસી : જૂનાગઢ,<br>તિરૂપતિ સોસાયટી, જોષીપરા,<br>નં.૩ રહેવાસી : સાબલપુર, તા.જિ. જૂનાગઢ. |
| આરોપીઓ તરફે | વિ.વકીલશ્રી પી. એચ. ગંધ્રોકીયા. |

-:: નમૂનો - બ ::-

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૧/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૨/૦૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૫/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

-:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જેતુનબેન યુસુફભાઇ ખેદારા, | -- | -- | બી.એન.એસ. કલમ-૧૧૫(૨) ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪, ૧૨૫(એ) તથા ગુ.પો.અધિ. કલમ-૧૩૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | -- | -- |
| ૨ | મોસીન યુસુફભાઇ ખેદારા, | -- | -- | -”- | -”- | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | સોહિલ આરીફભાઇ ખેદારા, | -- | -- | -”- | -”- | -- | -- |
| ૪ | યુસુફભાઇ અજીદભાઇ ખેદારા, | -- | -- | -”- | -”- | -- | -- |

-:: નમૂનો - ક ::-

: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૨ | અજયભાઇ ભરતભાઇ ખાચર | ફરિયાદી |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | અસલ ફરિયાદ. |
| ૨ | ૧૪ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૩ | ૧૫ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૪ | ૧૬ | અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢના જાહેરનામાની ઝેરોક્ષ નકલ. |

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

ક. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | લાકડી |
| ૨ | ૧ | કુહાડી |
| ૩ | ૧ | લાકડી |

## -:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જૂનાગઢ જોષીપરા તિરૂપતિ સોસાયટીમાં છેલ્લા ૨૦ વર્ષથી રહે છે અને ડ્રાઇવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તા.૧૧/૦૧/૨૦૨૫ ના બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ફરિયાદી તથા ફરિયાદીના માતા મનહરબેન તથા ફરિયાદીના પત્ની પરશનબા ઘરે હાજર હતા ત્યારે ફરિયાદીના ઘર સામે રહેતા આ કામના જેતુનબેને મચ્છીનો હેઠવાળ ફરિયાદીના ઘરની ડેલી પાસે ફેંકેલ હોય જેથી ફરિયાદીના માતાએ આરોપી જેતુનબેનને મચ્છીનો હેઠવાળ ઘર પાસે ન ફેંકતા તેમ કહેતા, આરોપી જેતુનબેન હેઠવાળ તો તમારા ઘર પાસે જ નાખશું તેમ કહી બોલવા લાગેલ અને ફરિયાદીના પત્ની અગાશી ઉપર હતા તેમણે પણ મચ્છીનો હેઠવાળ ના નાખતા તેમ કહેતા, ફરિયાદીના માતા અને પત્નીને ભુંડી ગાળો આપવા લાગેલ. ત્યારબાદ થોડી વારમાં આરોપીઓ આવેલ અને જેમફાવે તેમ ભુંડી ગાળો બોલવા લાગેલ અને આરોપી જેતુનબેન છુટા પથ્થરના ઘા કરવા લાગેલ અને આરોપી સોહિલે કુહાડીનો ઉંધો ધા ફરિયાદીના બા ઉપર કરતા પગની પીંડીમાં મુંઢમાર લાગેલ અને આરોપી યુસુફભાઇ અને મોહસીન બંને લાકડી લઇ આવી ફરિયાદીને માર મારેલ જેમાં મુંઢ ઇજા થયેલ અને ફરિયાદીએ લાકડી પકડી લેતા વધુ

મારમાંથી બચી ગયેલ. આરોપીઓ કહેતા હતા કે હવે પછી આવી રીતે હેઠવાળ નાખવા બાબતે કહેશો તો જાનથી મારી નાખીશું અને રહેવા નહીં દઇએ તેવી ધમકી આપેલ. આજુબાજુના માણસો ભેગા થઇ જતા આરોપીઓ ભાગી ગયેલા. આરોપી જેતુનબેન અગાઉ પણ ફરિયાદીના ઘર પાસે તેમજ મહાદેવના મંદિરે હેઠવાળ ફેંકતા હોય જે ફેંકવાની ના પાડેલ હોય અને ફરીથી હેઠવાળ ફેંકતા ના પાડતા મનદુ:ખ રાખી માથાકુટ કરેલ.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર કરતા, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ આરોપીઓ વિરૂધ્ધ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી આંક-૮ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને ત્યારબાદ મુળ ફરિયાદીએ આંક-૧૭ થી પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૫) <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે આરોપીઓના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

<u>દલીલો :-</u>

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રી પી. એચ. ગંધ્રોકીયાની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

<u>-:: મુદાઓ ::-</u>

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યાના અરસામાં જૂનાગઢ જોષીપરા તિરૂપતિ સોસાયટીમાં હેઠવાળ ફેંકવા બાબતે આ કામના ફરિયાદી અને સાહેદને ભુંડી ગાળો આપી, જપાજપી કરી, આરોપી નં.૧ નાએ પથ્થરના ઘા કરી તેમજ આરોપી નં.૩ નાએ સાહેદને કુહાડીનો ઉંધો ઘા પગના પીંડીના ભાગે મારી તેમજ આરોપી નં.૩-૪ નાએ લાકડી વડે માર મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩), ૫૪, ૧૨૫(એ) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

<u>-:: કા ર ણો ::-</u>

<u>મુદ્દા નં.(૧) :-</u>

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે સદરહુ કલમની કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવી જરૂરી બની જાય છે, જે નીચે મુજબ છે.

**Sec. 115(2)** Whoever, except in the case provided for by sub-section (1) of section 122 voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to ten thousand rupees, or with both.

**Sec. 125(a)** Whoever does any act so rashly or negligently as to endanger human life or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to three months or with fine which may extend to two thousand five hundred rupees, or with both, but—

(a) where hurt is caused, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five thousand rupees, or with both;

**Sec. 296** Whoever, to the annoyance of others,—

(a) does any obscene act in any public place; or

(b) sings, recites or utters any obscene song, ballad or words, in or near any public place, shall be punished with imprisonment of either description for a term which may extend

to three months, or with fine which may extend to one thousand rupees, or with both.

**Sec. 351(3)** Whoever commits the offence of criminal intimidation by threatening to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે આ કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી અજયભાઇ ભરતભાઇ ખાચરને આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ તેઓ તેમના પરિવારના સભ્યો સાથે ઘરે હાજર હતા ત્યારે તેઓના ઘરની સામે રહેતા આ કામના આરોપી જેતુનબેને મચ્છીનો એઠવાડ તેઓના ઘરની ડેલી પાસે ફેંકેલ હોય જેથી તેમના માતાએ એઠવાડ તેઓના ઘર પાસે ફેંકવો નહીં તેમ કહતા તે તેમના માતા સાથે બોલાચાલી કરવા લાગેલ તે દરમિયાન જેતુનબેનના દીકરા, તેમના ઘરવાળા અને તેમના દીયરનો દીકરો ત્યાં આવી ગયેલા અને તેઓ બધા સાથે બોલાચાલી કરવા લાગેલ. તે દરમિયાન આસપાસના રહેવાસીઓ તથા અન્ય ઘણા બધા વ્યકિતઓ ભેગા થઇ જતા ધકકા મુકકી થવાથી તેમના માતા પડી ગયેલા અને તેને ઇજા થયેલી. જે બનાવ અંગેની તેઓએ ફરિયાદ આપેલી. અસલ ફરિયાદ આંક-૧૩ થી રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૧૧) વધુમાં ફરિયાદ પક્ષે બચાવ પક્ષની સંમતિથી આંક-૧૪ થી સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક-૧૫ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું અને આંક-૧૬ થી જાહેરનામું રજુ થયેલ છે. જેની હકીકતો જોવામાં આવે તો સ્થાનિક જગ્યાનું અને

મુદામાલ કબજે થયેલાનું પંચનામું થયેલાનું અને બનાવ સમયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું અમલમાં હોવાનું જણાય આવે છે, પરંતુ ફરિયાદ પક્ષના રેકર્ડ પરના મૌખિક પુરાવાથી આરોપીઓએ ગુનામાં ભાગ ભજવેલાની હકીકત રેકર્ડ પર આવતી ન હોય અને ઉપરોકત દસ્તાવેજો પુરવાર કરવા માટે પંચ સાહેદો કે અન્ય સાહેદને આ કામે તપાસવામાં આવેલ ન હોય તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના બીપીન શાંતિલાલ પંચાલના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર આંકે પડી જવાથી કોઇપણ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં, જે તે દસ્તાવેજો પુરવાર થયેથી જ પુરાવામાં ગ્રાહય રાખી, પુરાવો રજુ કરનારને કેસમાં મદદરૂપ થઇ શકે તેમ છે. જેથી અત્રેના કેસમાં રજુ થયેલ દસ્તાવેજોમાં જણાવેલ કોઇ હકીકત એડમીટ કરતા હોય કે કબૂલ મંજુર કરતા હોય, તે અંગેની કોઇ હકીકત જણાવેલ નથી કે તે મુજબનો શેરો કરેલ નથી. જેથી દસ્તાવેજો માત્ર આંકે પડેલ હોય અને તેના સમર્થનમાં ફરિયાદ પક્ષ તરફે કોઇ સમર્થનકારી પુરાવો રજુ થયેલ ન હોય, સદર દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ ન હોય જેથી ફરિયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી. તેમજ આરોપી તરફે સંમતિથી આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીઓએ ગુનામાં ભાગ ભજવેલાની હકીકત શંકારહિત પુરવાર થતી નથી.

(૧૨) આમ, ફરિયાદીની જુબાનીનું મૂલ્યાંકન કરતા બનાવના દિવસે મચ્છીના એઠવાડ ફેંકવા બાબતે આરોપીઓએ બોલાચાલી કરેલ હોવાની હકીકત ફલિત થાય છે, તે સિવાય મુદાની અને મહત્વની હકીકત સંબંધે કોઇ હકીકત ફલિત થતી નથી. ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતનો ઇન્કાર કરેલ છે. બચાવ પક્ષ તરફે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને ત્યાં માણસોની સતત અવર જવર રહે છે અને બનાવ વખતે ઘણા માણસો ભેગા થઇ ગયેલા. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યાં પડી જવાથી તથા ધકકા મુકકી થવાથી તેઓને ઇજા થયેલી. વધુમાં એ હકીકતનો સ્વીકાર

કરેલ છે કે, ગાળોના સ્પષ્ટ શબ્દ ફરિયાદમાં લખાવેલ નથી અને આરોપીઓના હાથમાં કોઇ હથિયાર હતા નહીં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર નામ ઠામ પૂછેલ એ સિવાય બીજું કાંઇ પૂછેલ નહીં અને તૈયાર ફરિયાદમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી, ફરિયાદ વાંચેલ ન હતી કે પોલીસ ધ્વારા વાંચી સંભળાવેલ ન હતી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યા બાદ પણ તેઓ તેમનું રોજીંદુ કામકાજ કરે છે અને બનાવવાળા સ્થળે જ રહે છે. આમ, ફરિયાદીના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતું નથી અને વિરોધાભાસી હકીકતો ફલિત થાય છે. આ કામે ફરિયાદી કે સાહેદને થયેલ ઇજા અંગે કોઇ મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ નથી કે ફરિયાદી ઇજા બાબતે કોઇ હકીકત જણાવતા નથી જેથી ફરિયાદી અને સાહેદને ઇજાઓ થયેલ હોવાની હકીકત ફલિત થતી નથી. વધુમાં આરોપી નં.૧ નાએ બેફામપણે પથ્થરના ઘા કરેલ હોવાની હકીકત પણ ફલિત થતી નથી. વધુમાં આ કામે ઇજા પામનાર સાહેદને તપાસવામાં આવેલ નથી. વધુમાં બનાવ સ્થળે સ્વતંત્ર સાક્ષી મળી આવે તેવી પુરી શકયતા હોવા છતાં તપાસનીશ અધિકારીએ તેવા કોઇ સ્વતંત્ર સાક્ષીના નિવેદન નોંધેલ નથી કે ફરિયાદ પક્ષે તેવા કોઇ સાક્ષીને તપાસેલા નથી. વધુમાં ફરિયાદમાં ગાળો આપેલ હોવાનું લખાવેલ છે, પરંતુ ગાળોમાં કયા ચોકકસ શબ્દો બોલેલ તે અંગે કોઇ હકીકત લખાવેલ નથી તેમજ આ હકીકત સંબંધે મહત્વના એવા ફરિયાદી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં કોઇ જ હકીકત જણાવતા નથી અને તેઓની જુબાનીમાંથી એવું જણાય આવતું નથી કે આરોપીઓએ ઇરાદાપૂર્વક અપમાન કરેલ હોય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરેલ હોય અને ઝઘડો થયા બાદ જાહેર જનતાને અગવડતા પડેલ હોય અને અશાંતિ થયેલ હોય જેનાથી જાહેર જીવનને અસર થઇ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. તેમજ આરોપીઓએ ફરિયાદી અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો પણ આક્ષેપ કરેલ છે, પરંતુ ફરિયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ સદર ધમકીના કારણે ફરિયાદી અને સાહેદ ફરિયાદ નોંધાવ્યા પછી

બહાર આવન જાવક કરી શકતા ન હોય કે રાબેતા મુજબની કામગીરી કરવા અશકિતમાન થયેલા હોય તેવો લેશમાત્ર પણ પુરાવો હાલના કેસમાં ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ નથી. ઉલ્ટાનું પુરાવો જોતા ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા બાદ આવી કોઇ હકીકત તેઓના મનમાં સતત ભયની ઘંટી બજતી હોય કે તેઓ રોજબરોજની કાર્યવાહી કરવા અશકિતમાન થયેલ હોય તેવું જણાય આવતું નથી. વધુમાં આંક-૧૬ થી રજુ થયેલ જાહેરનામું ધ્યાને લેતા બનાવ તારીખે, સમયે અને સ્થળે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવાનું જણાય આવે છે, પરંતુ તેની જાહેર પ્રસિધ્ધિ થયાનું જણાતું નથી તેમજ આરોપીઓએ કે તે પૈકીના કોઇ આરોપીએ લાકડી, પાઇપ કે કોઇ હથિયાર ધારણ કરેલાનું ફલિત થતું નથી ત્યારે સદર જાહેરનામાનો ભંગ કરેલાનું પણ ફલિત થતું નથી. વધુમાં બનાવ તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ બનેલ છે અને બનાવ અંગેની ફરિયાદ તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે અને ફરિયાદ મોડી આપવા અંગે કોઇ ખૂલાસો કરવામાં આવેલ નથી. આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૫૪, ૩૫૧(૩), ૧૨૫(એ) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ શંકારહિત કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવાથી આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. જેથી આ કામે ફરિયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના કૈલાશગૌર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ,

એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી. ૭૮૬ તથા સૂચિત વિશ્વાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇએ તો,

It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. Narendra Singh ans Anr vs State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Bhramajeetsingh Sharma Vs State of Mahasrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan vs. Rama S Raghuraman. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." In the case of Sujit Biswas Vs State of Assam ABC 2013(11) 13 SC Hon'ble Supreme Court held that Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not(60) take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere

conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. v. State of M.P., AIR 1952 SC 343; State through CBI v. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan v. State of U.P., AIR 2012 SC 1979).

(૧૩) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપીઓ નં.(૧) જેતુનબેન યુસુફભાઇ ખેદારા, નં.(૨) મોસીન યુસુફભાઇ ખેદારા, નં.(૩) સોહિલ આરીફભાઇ ખેદારા અને નં.(૪) યુસુફભાઇ અજીદભાઇ ખેદારા, તમામ રહેવાસી : જૂનાગઢ વાળાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૨૯૬(બી), ૫૪, ૩૫૧(૩), ૧૨૫(એ) તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૩૭(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

(૩) સદર કામે આંક-૨ ની મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદામાલ હથિયારનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.<br>તારીખ : ૩૦/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)<br>અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,<br>જૂનાગઢ. (GJ-00862)